# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

1) કોમનવેલ્થ ગેમ્સ 2030 માટેની બોલી રજૂ કરવાના પ્રસ્તાવને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી- બિડ સ્વીકારાય તો ગુજરાત રાજ્યને અનુદાન મળશે.

2) ગુજરાતનાં કચ્છના દૂરના વિસ્તારોને જોડતી નવી રેલ લાઇનને આર્થિક બાબતોની કેબિનેટ સમિતિની મંજૂરી.

3) કેન્દ્રીય મંત્રીમંડળે પીએમ સ્વનિધિ યોજનાના પુનર્ગઠનને મંજૂરી આપી.

4) જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે વૈષ્ણોદેવી મંદિર તરફ જતા માર્ગ પર ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં બચાવ અને રાહત કામગીરી પૂરજોશમાં.

5) દેશભરમાં ગણેશ ચતુર્થીની શ્રદ્ધા અને ભક્તિ સાથે થઈ રહેલી ઉજવણી.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET-COMMONWEALTH GAMES 2030

કેન્દ્રીય મંત્રીમંડળે આજે યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે બિડ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મંત્રીમંડળે સંબંધિત મંત્રાલયો, વિભાગો અને સત્તાવાળાઓ પાસેથી જરૂરી ગેરંટી સાથે યજમાન સહકાર કરાર (HCA) પર હસ્તાક્ષર કરવા અને બિડ સ્વીકારવામાં આવે તો ગુજરાત સરકારને જરૂરી ગ્રાન્ટ-ઇન-એઇડ મંજૂર કરવાની પણ મંજૂરી આપી છે.

કોમનવેલ્થ ગેમ્સમાં 72 દેશોના રમતવીરો ભાગ લેશે. અમદાવાદ એક આદર્શ યજમાન શહેર છે જે વિશ્વ કક્ષાના સ્ટેડિયમ, અત્યાધુનિક તાલીમ સુવિધાઓ અને જીવંત રમતગમત સંસ્કૃતિ પ્રદાન કરે છે. રમતગમત ઉપરાંત, ભારતમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન પ્રવાસનને પ્રોત્સાહન આપવા, રોજગારી પેદા કરવા અને લાખો યુવા રમતવીરોને પ્રેરણા આપવા પર કાયમી અસર છોડશે. આવી વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ઇવેન્ટ રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની ભાવના જગાડશે.

# CCEA

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ આજે ગુજરાત, કર્ણાટક, તેલંગાણા, બિહાર અને આસામને લાભ આપતા ત્રણ પ્રોજેક્ટ્સના મલ્ટી-ટ્રેકિંગ અને ગુજરાતના કચ્છના દૂરના વિસ્તારોને જોડવા માટે એક નવી રેલ્વે લાઇનને મંજૂરી આપી છે.

પ્રસ્તાવિત નવી લાઇનનો અંદાજિત ખર્ચ 2 હજાર 5 સો 26 કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ 3 વર્ષમાં પૂર્ણ થશે. નવી રેલ્વે લાઇન ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા ઉપરાંત મીઠું, સિમેન્ટ, કોલસો, ક્લિંકર અને બેન્ટોનાઇટના પરિવહનમાં પણ મદદ કરશે. આ પ્રોજેક્ટમાં હડપ્પાના સ્થળો ધોળાવીરા, કોટેશ્વર મંદિર, નારાયણ સરોવર અને લખપત કિલ્લાને પણ આવરી લેવામાં આવશે. આ રેલ્વે લાઇનથી, 13 નવા રેલ્વે સ્ટેશન ઉમેરવામાં આવશે જેનો લાભ 866 ગામો અને લગભગ 16 લાખ લોકોને મળશે.

# CABINET - PM SWANIDHI

કેન્દ્રીય મંત્રીમંડળે આજે પ્રધાનમંત્રી શેરી વિક્રેતાઓ આત્મનિર્ભર નિધિ - પીએમ સ્વનિધિ યોજનાના પુનર્ગઠનને મંજૂરી આપી. મંત્રીમંડળે 31 ડિસેમ્બર 2024 થી લોનની મુદત લંબાવીને 31 માર્ચ 2030 સુધી કરી છે. યોજનાનો કુલ ખર્ચ 7 હજાર 3 સો 32 કરોડ રૂપિયા છે. પુનર્ગઠિત યોજનાની મુખ્ય વિશેષતાઓમાં પ્રથમ અને બીજા હપ્તામાં લોનની રકમમાં વધારો, બીજી લોન ચૂકવનારા લાભાર્થીઓ માટે UPI-લિંક્ડ RuPay ક્રેડિટ કાર્ડની જોગવાઈ અને છૂટક અને જથ્થાબંધ વ્યવહારો માટે ડિજિટલ કેશબેક પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે.

# KIRTI VARDHAN SINGH- US TARIFFS

વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું છે કે ભારતીય અર્થતંત્ર અને દેશના ઉદ્યોગો ખૂબ જ મજબૂત છે. આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં અમેરિકા દ્વારા ૫૦ ટકા ટેરિફ લાદવા અંગે મીડિયાના પ્રશ્નનો જવાબ આપતા શ્રી સિંહે કહ્યું કે સરકાર ચોક્કસપણે દેશને કોઈ નુકસાન થવા દેશે નહીં.

(BYTE- KIRTI VARDHAN SINGH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMIT SHAH - OPERATION MAHADEV

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ઓપરેશન સિંદૂર અને ઓપરેશન મહાદેવે આતંકવાદીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભારતીય નાગરિકોના જીવન સાથે રમત રમવાના પરિણામોનો સામનો કરવો પડશે. શ્રી શાહે આજે ઓપરેશન મહાદેવમાં ભાગ લેનારા સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના જવાનોને મળ્યા અને તેમનું સન્માન કર્યું.

આ પ્રસંગે તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂરથી લોકોને સંતોષ મળ્યો, પરંતુ ઓપરેશન મહાદેવે તે સંતોષને વિશ્વાસમાં પરિવર્તિત કરી દીધો.

# DR. JITENDRA SINGH – BIO-E-3

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્ર સિંહે કહ્યું છે કે બાયોટેકનોલોજીમાં પ્રારંભિક રોકાણ અને નવીનતા ભારતને અન્ય દેશો કરતાં આગળ લઈ જશે અને ભવિષ્યમાં મોટા ફાયદા લાવશે. આજે નવી દિલ્હીમાં, ડૉ. સિંહે કહ્યું કે સરકારની બાયો-E-3 નીતિએ બાયોટેકનોલોજીના એક સમયે ઉપેક્ષિત ક્ષેત્રને યુવાનોમાં સૌથી વધુ માંગવામાં આવતા વિષયોમાંનું એક બનાવ્યું છે. આ ક્ષેત્રે ઉત્તમ વિકાસની સંભાવના દર્શાવી છે અને 2030 સુધીમાં અર્થતંત્રમાં 300 અરબ ડૉલરનું યોગદાન આપવાનો અંદાજ છે. સંશોધન તારણો માત્ર ભારત માટે જ નહીં પરંતુ બાકીના વિશ્વ માટે પણ સુસંગત રહેશે.

# JAMMU KASHMIR- HEAVY RAIN

જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે ગઈકાલે વૈષ્ણોદેવી મંદિર તરફ જતા માર્ગ પર ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં બચાવ અને રાહત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. CRPF એ ઘાયલોને કટરા સ્થિત સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યા હતા. ટીમે ફસાયેલા યાત્રાળુઓને પણ મદદ કરી હતી અને તેમને જરૂરી તબીબી સહાય પૂરી પાડી હતી. કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે SDRF, NDRF, અર્ધલશ્કરી દળો, સેના અને વાયુસેનાના અધિકારીઓ સતત નાગરિક વહીવટીતંત્ર સાથે સંકલન કરી રહ્યા છે. તેમણે માહિતી આપી હતી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વ્યક્તિગત રીતે પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર તરફ જતા માર્ગ પર ભૂસ્ખલનમાં થયેલા જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કર્યું છે.

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારા દરેક મૃતકના પરિવારને 5 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

દરમિયાન, જમ્મુ ક્ષેત્રમાં ભારે વરસાદને કારણે, ઉત્તર રેલ્વેએ 45 ટ્રેનો રદ કરી છે અને 25 ટ્રેનોને અધવચ્ચે અટકાવી દીધી છે. જમ્મુ તાવી, શ્રી માતા વૈષ્ણો દેવી કટરા, પઠાણકોટ અને નવી દિલ્હી રેલ્વે સ્ટેશનો પર હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે. જમ્મુ માટે હેલ્પલાઇન નંબર 7888839911 અને દિલ્હી માટે 97176387751 છે.

# GANESH CHTURTHI

દેશભરમાં ગણેશ ચતુર્થીના તહેવારની ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ ભગવાન ગણેશના જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જે બુદ્ધિ, સમૃદ્ધિ અને સૌભાગ્યના પ્રતીક છે. તેને વિનાયક ચતુર્થી અથવા ગણેશ ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે, અને આ દિવસ દસ દિવસના ઉત્સવની શરૂઆત છે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ગણેશ ચતુર્થીના શુભ અવસર પર દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

# INDIA-AFRICA BUSINESS SUMMIT

ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સી.જી.ડી.એન. ચિવેંગાએ કહ્યું છે કે આફ્રિકા અને ભારત મજબૂત ઐતિહાસિક સંબંધો ધરાવે છે. બંને દેશો ટેકનોલોજી, નવીનતા, વૈવિધ્યકરણ અને માળખાગત વિકાસ પર ભાર મૂકતી ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આજે નવી દિલ્હીમાં CII ભારત-આફ્રિકા વ્યાપાર સમિટને સંબોધતા ડૉ. ચિવેંગાએ કહ્યું કે ઝિમ્બાબ્વે વ્યવસાય માટે ખુલ્લું છે. ભારત અને આફ્રિકા બંનેના આર્થિક અને સામાજિક ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરતી લાંબા ગાળાની ભાગીદારી બનાવવા અને નવીનતા, સામાજિકકરણ અને વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપવા માટે મૂલ્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# AFGHANISTAN ACCIDENT

અફઘાનિસ્તાનમાં આજે સવારે કાબુલ નજીક અરઘંડી વિસ્તારમાં પેસેન્જર બસ પલટી જતાં 25 લોકો માર્યા ગયા અને 27 અન્ય ઘાયલ થયા. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કંદહારને કાબુલ સાથે જોડતા હાઇવે પર અકસ્માત બેદરકારીપૂર્વક વાહન ચલાવવાને કારણે થયો હતો. ઘાયલોને નજીકના આરોગ્ય કેન્દ્રોમાં દાખલ કર્યા.

# RUSSIA-UKRAINE - ATTACKS

રશિયાએ ગઈકાલે રાત્રે યુક્રેનના છ પ્રદેશોમાં ઉર્જા અને ગેસ પરિવહન માળખા પર મોટા પાયે ડ્રોન હુમલા કર્યા. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે આ હુમલાઓથી પોલ્ટાવા, સુમી અને ચેર્નિહિવ પ્રદેશોમાં એક લાખથી વધુ લોકો પ્રભાવિત થયા હતા. તાજેતરમાં, યુક્રેનમાં સંઘર્ષને સમાપ્ત કરવાના અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસો છતાં, રશિયાએ યુક્રેનના ગેસ ઉત્પાદન અને આયાત માળખા પર હુમલો કર્યો છે.

# PAKISTAN-POVERTY

પાકિસ્તાનમાં ગરીબી વધી છે અને 44.7 ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી છે. નાણાકીય કટોકટી વધુ ખરાબ થતી જાય છે અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ-IMF લોન પર નિર્ભરતા રહેતી હોવા છતાં, સંરક્ષણ ખર્ચમાં 20 ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત, આરોગ્ય, શિક્ષણ અને રોજગાર સર્જન ક્ષેત્રો માટે ફાળવણીમાં લગભગ 7 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

દરમિયાન, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં તણાવ વધી રહ્યો છે કારણ કે પાકિસ્તાન સરકાર તેની વિશાળ ખનિજ સંપત્તિ પર નિયંત્રણ કડક કરી રહી છે.

# IMD

હવામાન વિભાગે આવતીકાલ સુધી ઓડિશા, છત્તીસગઢ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્ય મહારાષ્ટ્ર, કેરળ અને દરિયાકાંઠાના કર્ણાટકમાં મુશળધાર વરસાદની આગાહી કરી છે. આગામી છ થી સાત દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં પણ ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં, વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર.કે. જેનામાનીએ જણાવ્યું હતું કે છેલ્લા 24 કલાકમાં જમ્મુમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ નોંધાયો છે. વરસાદે 70 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આજે જમ્મુ અને કાશ્મીર માટે યલો, તેલંગાણા માટે રેડ અને આંધ્રપ્રદેશ અને ઓડિશા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

# NHRC - GHAZIABAD

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ - NHRC એ એક બહેરા અને મૂંગા મહિલા પર થયેલા કથિત સામૂહિક દુષ્કર્મના કેસમાં ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને નોટિસ ફટકારી છે. મીડિયા રિપોર્ટની સ્વતઃ નોંધ લેતા, કમિશને બે અઠવાડિયામાં કેસનો વિગતવાર અહેવાલ માંગ્યો છે.